# ઈરાન સામે ટ્રમ્પની અવઢવ : ધમકી આપીને ફરી પાણીમાં બેઠા

**વિલનેષકોના** મતે ટ્રમ્પ પ્રશાસનમાં એવી લાગણી પ્રવર્તી રહી છે કે માત્ર લશ્કરી તાકાતના જોરે ઇરાનને ઝુકાવી શકાશે નહીં

વોશિંગ્ટન, તા. 3 (એપી) : પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 5 મહિનાથી ચાલી રહેલા ઈરાન યુદ્ધ દરમિયાન આવું જ આ પહેલા પણ અનેકવાર કર્યું છે. તેની શરૂઆત તેહરાનને આપેલી એક ગંભીર ચેતવણીથી થાય છે કે, જો તેના નેતાઓ યુદ્ધનો અંત લાવવા માટે યુ.એસ.ની શરતો ઝડપથી સ્વીકારશે નહીં, તો તેઓ યુ.એસ. સેનાને તેના પાવર પ્લાન્ટ્સનો નાશ કરવા અથવા તેના તેલ ઉદ્યોગના મુખ્ય ભાગો પર કબજો કરવાનો આદેશ આપવાની અણી પર છે. અને તેનો અંત, ઘણીવાર ગલ્ફ સહયોગીઓની વિનંતી પર, તેઓ છેલ્લી ક્ષણે એવું જાહેર કરીને પાછળ હટી જાય છે કે તેઓ મુત્સદ્દીગીરીને વધુ સમય આપવા જઈ રહ્યા છે.

આ આક્રમક વ્યૂહરચના - જેને ટ્રમ્પે ન્યૂયોર્કના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં તેમની સ્પર્ધાત્મક કારકિર્દી દરમિયાન ધાર આપી હતી અને રાજકારણમાં પણ તેનો ઉપયોગ કર્યો છે - તેનો હેતુ દબાણ અને અરાજકતા ઊભી કરીને વાટાઘાટોમાં ઝડપ લાવવાનો છે. પરંતુ આ રણનીતિને ઈરાનના ધર્મસત્તાક શાસન સામે પડકારનો સામનો કરવો પડી રહ્યો છે, જે માને છે કે વોશિંગ્ટનની તુલનામાં તેની વ્યૂહાત્મક તકલીફો સહન કરવાની ક્ષમતા વધુ છે.

તાજેતરની ઘટના શુક્રવારે શરૂ થઈ હતી જ્યારે ટ્રમ્પે, પોતાની કેબિનેટથી ઘેરાયેલા હોઈ, ગંભીરતાથી જાહેરાત કરી હતી કે તેઓ ઈરાન સાથેની વાટાઘાટો પરથી "વિશ્વાસ ગુમાવી રહ્યા છે" અને ચેતવણી આપી હતી કે યુ.એસ. સૈન્ય "તેમના પર ખૂબ જ સખત પ્રહાર કરશે." પરંતુ શનિવારે મોડી રાત્રે, ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી કે સમજૂતી પર પહોંચવાના પ્રગતિના સંકેતો દેખાઈ રહ્યા છે અને તેઓ હાલ પૂરતા નવા, મોટા હુમલા કરવાની યોજના રદ કરી રહ્યા છે. ટ્રમ્પે ફરી એક વાર આ માટે ગલ્ફના દેશોની વિનંતીનું બહાનું કાઢ્યું છે.

વિશ્લેષકોનું કહેવું છે કે ટ્રમ્પનો આ અચકાટ વહીવટીતંત્રની અંદરની એ અણકહી સમજણને પણ દર્શાવતો હોઈ શકે છે કે, માત્ર અમેરિકાની સૈન્ય તાકાત ઈરાનને પીછેહઠ કરવા અને હવે મહિનાઓથી ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા માટે પૂરતી ન હોઈ શકે, જે યુદ્ધને ટ્રમ્પે અગાઉ માત્ર થોડા અઠવાડિયાનું અભિયાન કહીને હળવાશથી લીધું હતું પરંતુ હવે તે ખૂબ લંબાઈ રહ્યું છે.



ઉત્તર પ્રદેશમાં શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે કાશીથી લઇને મથુરા સુધીના તમામ શિવ મંદિરોમાં ભારે ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો અને 'બમ બમ ભોલે'ના નાદ ગુંજી ઉઠ્યા હતા. વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરમાં સવારની મંગળા આરતી બાદ દર્શન શરૂ થતાં જ સવારે સાત વાગ્યા સુધીમાં 2.25 લાખથી વધુ ભક્તોએ જલાભિષેક કર્યો હતો અને સમગ્ર દિવસ દરમિયાન આશરે આઠ લાખ શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવ્યા હોવાનો અંદાજ છે. મથુરાના ઐતિહાસિક ભૂતેશ્વર મહાદેવ મંદિર તેમજ મુઝફ્ફરનગરના ચિંતાહરણ મહાદેવ સહિતના મંદિરોમાં પણ વહેલી સવારથી જ ભક્તોની લાંબી લાઈનો લાગી હતી.

## પેજ 3

### ભૂતકાળને ધ્યાને લઇ તેની ટીકા કરનારાઓને કંગનાએ કહ્યું : હું જાગૃત હિન્દુ બનવા માંગુ છું

નવી દિલ્હી, તા. 3 : અભિનેત્રી અને ભાજપની સાંસદ કંગના રનૌતે આજે સોમવારે જણાવ્યું હતું કે, તે પહેલા સામાન્ય હિન્દુ હતી અને હવે પોતાનામાં બદલાવ લાવીને એક જાગૃત હિન્દુ બનવા માંગે છે. ઇન્સ્ટાગ્રામ પરના એક વીડિયોમાં, તેણે એક અભિનેત્રી તરીકેના તેના ભૂતકાળને ધ્યાનમાં રાખીને તેના વર્તમાન વલણ પર સવાલ ઉઠાવનારાઓની ટીકા કરી હતી. મને મેણાં મારવામાં આવે છે કે, 'તમે ક્યારે સંઘી બની ગયા' હું ભાજપ અને આરએસએસની વિચારધારા અપનાવવા માંગું છું, જે એક જાગૃત હિન્દુ વિચારધારા છે. હું કેમ ના કરી શકું. જ્યારે હિન્દુ દીકરીઓની વાત આવે છે, ત્યારે સમાજના કહેવાતા રક્ષકો મારા એક દાયકા પહેલાંના જીવન અંગે કહે છે, 'તમે પાર્ટીઓ કરતા હતા.' હા, હું કરતી હતી પણ હવે હું બદલવા માંગું છું.

### હિંદુત્વવાદી કાર્યકરોના વિરોધ વચ્ચે કોમેડિયન કુણાલ કામરાએ બેંગલુરુ શો રદ કર્યા



બેંગલુરુ, તા. 3 (પીટીઆઈ): હિંદુત્વવાદી કાર્યકરોના તીવ્ર વિરોધને પગલે સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાએ અહીં વાઇટફિલ્ડ ખાતેના પ્રસ્તાવિત શો રદ કર્યા છે. પોલીસે જણાવ્યું કે, કામરાએ ખુદ રવિવારે રૂબરૂ પોલીસ સ્ટેશનની મુલાકાત લઇને અધિકારીઓને જાણ કરી હતી કે હિંદુત્વવાદી કાર્યકરોના વિરોધને કારણે તેઓ તેમના નિર્ધારિત શો નહીં કરે. કામરાએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે સોમવાર, મંગળવાર, બુધવાર અને ગુરુવારના શો કોરમંગલાના એક સ્થળે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે તાજેતરમાં હિંદુ રાષ્ટ્ર સમન્વય સમિતિએ કાયદો અને વ્યવસ્થા તથા ધાર્મિક સૌહાર્દ સામે જોખમ હોવાનું ટાંકીને વાઇટફિલ્ડ ખાતે યોજનાર કામરાના સ્ટેન્ડ-અપ પર્ફોર્મન્સને રદ કરવા માટે પોલીસને અરજી આપી હતી.

### ખતરો કે ખિલાડીમાં ભયાનક સ્ટંટ પછી ગૌરવ ખન્નાએ રબર બુલેટનાં નિશાન બતાવ્યાં

મુંબઈ, તા. 03 : 'ખતરોં કે ખિલાડી 11'માં એક દર્દનાક સ્ટંટ દરમિયાન થયેલી ઈજાઓની ઝલક શેર કર્યા પછી અભિનેતા ગૌરવ ખન્નાએ ફેન્સને ચિંતામાં મૂકી દીધા છે. આ ટાસ્ક પછી અભિનેતાએ તેની પીઠ પર લાગેલી ગોળીઓનાં અને ઈજાનાં નિશાન બતાવ્યાં હતાં, જેને જોઈને દર્શકો પણ આ પડકારની મુશ્કેલીનો અંદાજ લગાવી શકે છે. તાજેતરના એપિસોડમાં ગૌરવ ખન્ના, વિશાલ આદિત્ય સિંહ, શગુન શર્મા અને કરણ વાહીએ એક ખતરનાક સ્ટંટ કર્યો હતો જેમાં ચારેય સ્પર્ધકો ઘાયલ થયા હતા. ગૌરવે ટાસ્ક દરમિયાન થયેલી ઈજાઓ દર્શાવતો એક વીડિયો શેર કર્યો હતો.

### હરિદ્વારથી પરત આવતી મહિલા કાવડયાત્રાળુએ જોડિયાં બાળકને જન્મ આપ્યો

**નેહા** નામક મહિલાને કાવડ યાત્રામાં અચાનક પ્રસવ પીડા ઉપડતા મુઝફ્ફરપુરની હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી

મુઝફ્ફરનગર (યુપી), તા. 3 (પીટીઆઈ): ગંગા નદીનું પવિત્ર જળ લઈને હરિદ્વારથી પરત ફરી રહેલી દિલ્હીની એક મહિલા કાવડયાત્રાળુએ સોમવારે મુઝફ્ફરનગરમાં જોડિયા પુત્રોને જન્મ આપ્યો હતો. એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, નેહા નામની મહિલાને કાવડ યાત્રા દરમિયાન અચાનક પ્રસવપીડા ઉપડી હતી, ત્યાર બાદ પોલીસકર્મીઓને જાણ કરવામાં આવી હતી અને તેને નજીકની જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "માહિતી મળતાં જ મુઝફ્ફરનગર પોલીસની ટીમે સિટી સાયન્ટિફિક સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (સિટી) અમૃત જૈન અને આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ સિદ્ધાર્થ કે મિશ્રાની આગેવાની હેઠળ સગર્ભા કાવડયાત્રાળુને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરી હતી."

# ગ્રીસમાં દાવાનળ ધીમો પડ્યોઃ ફ્રાન્સમાં હજારો વિસ્થાપિતો ઘરે પાછા ફર્યા

**હેલિકોપ્ટર** દુર્ઘટનાના બીજા દિવસે ગ્રીસમાં જંગલની આગ પર હવામાંથી પાણી છાંટવાની કામગીરી ફરી શરૂ

**ફ્રાન્સમાં** એક વિશાળ દાવાનળ કાબૂમાં આવી ગયો

એથેન્સ, તા. ૩(એપી): પશ્ચિમ એથેન્સમાં સક્રિય એક મોટા દાવાનળ પર સોમવારે પાણીનો છંટકાવ કરતા વિમાનોએ ઉડાન ભરી હતી. આ ઘટનાના એક દિવસ પહેલાં જ આગ બુઝાવવાની કામગીરીમાં લાગેલા બે હેલિકોપ્ટર વચ્ચે હવામાં ટક્કર થતાં બે ક્રૂ સભ્યોના મોત થયા હતા.

સપ્તાહના અંતે પહાડી અને દરિયાકાંઠાના વિસ્તારોમાં તેજ પવનોને કારણે આગ બુઝાવવાની કામગીરીમાં અવરોધ આવ્યો હતો. આ હેલિકોપ્ટર અકસ્માતમાં ગ્રીસના એક અને ડેનમાર્કના એક નાગરિકનું મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય બે લોકો હોસ્પિટલમાં દાખલ છે – આ તમામ ખાનગી ચાર્ટર્ડ ઓપરેટર્સ હતા. દક્ષિણ યુરોપના કેટલાક ભાગો સતત ઊંચા તાપમાન સામે ઝઝૂમી રહ્યા છે, ત્યારે ફ્રાન્સમાં અગ્નિશામકો પેરિસ શહેર કરતાં ચાર ગણા મોટા બળી ગયેલા વિસ્તારમાં આગ ફરીથી ન ભડકે તે માટે સતર્ક છે.

સોમવારે તેજ પવન હળવો પડતાં, પોર્ટો ગર્મેનોસ નામના સી-સાઇડ રિસોર્ટની આસપાસ પાણી છંટકાવ કરતા ૧૨ વિમાનો અને ૧૧ હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા હતા. આ વિસ્તારમાંથી અનેક લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાનો આદેશ આપવામાં આવ્યો છે. ફાયર સર્વિસના પ્રવક્તા યાનિસ આર્ટોપિઓસે જણાવ્યું હતું કે, મુખ્ય વાત એ છે કે પરિસ્થિતિ સુધરી રહી છે, પરંતુ આગના અનેક પોઇન્ટ્સ હજી પણ સક્રિય હોવાથી અમે કામગીરી ચાલુ રાખી છે. આ એક મુશ્કેલ આગ છે જેણે આપણને ચિંતામાં મૂક્યા છે. આશરે ૫૦૦ અગ્નિશામકોએ આગને આગળ વધતી અટકાવી હતી, પરંતુ સત્તાવાળાઓએ એથેન્સના આસપાસના વિસ્તારોમાં હજુ પણ ભારે જોખમ હોવાની ચેતવણી આપી છે. આ પ્રદેશમાંથી ૧,૦૦૦થી વધુ લોકોને ખસેડવામાં આવ્યા છે, જેમાં દરિયાકાંઠેથી હોડીઓ દ્વારા ૨૫૦થી વધુ લોકોને બચાવવામાં આવ્યા હતા. ફ્રાન્સમાં, એક વિશાળ દાવાનળ કાબૂ હેઠળ આવ્યા બાદ સોમવારે હજારો વિસ્થાપિતોને પોતપોતાના ઘરે અને રજા ગાળવાના સ્થળોએ પાછા જવાની મંજૂરી આપવામાં આવી હતી. સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે યુદ્ધ સિવાયના સમયમાં આ દેશનું સૌથી મોટું નાગરિક સ્થળાંતર હતું, જેમાં ૨,૨૪,૦૦૦થી વધુ લોકોએ સ્થળાંતર કરવું પડ્યું હતું.

# અમેરિકામાં ૧૩ વર્ષના છોકરાએ હવામાંથી પાણી બનાવતું યંત્ર શોધ્યું

**આ** યંત્ર પાણીની તંગી ભોગવતા વિસ્તારોના ખેડૂતોને ઉપયોગી થાય તેવી આશા




બીવર્ટન(અમેરિકા), તા. ૩: દુનિયાભરમાં દુષ્કાળની સમસ્યા વધુ ગંભીર બની રહી છે, ત્યારે અમેરિકાના ઓરેગોન રાજ્યના એક ૧૩ વર્ષના વિદ્યાર્થીએ એક એવી શોધ કરી છે જે ખેડૂતોને હવામાંથી પાણી બનાવવામાં મદદ કરી શકે છે.

બીવર્ટનની વ્હાઇટફોર્ડ મિડલ સ્કૂલના વિદ્યાર્થી રોય કિમ દ્વારા એક એવું ચેમ્બર તૈયાર કરાઇ છે જે વાતાવરણમાંથી ભેજ ખેંચીને તેને સિંચાઈ માટે પાણીમાં રૂપાંતરિત કરે છે. તેમની આ નવતર શોધ માટે તેમને ૨૦૨૬ના '3M યંગ સાયન્ટિસ્ટ ચેલેન્જ'ના ટોચના ૧૦ રાષ્ટ્રીય ફાઇનલિસ્ટ્સમાં સ્થાન મળ્યું છે. રોયની આ શોધમાં 'પેલટીયર મોડ્યુલ'નો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ એક એવું ઉપકરણ છે જે વીજળી આપતાં જ તાપમાનમાં તફાવત ઊભો કરે છે. તેનો એક ભાગ ગરમ થાય છે જ્યારે બીજો ભાગ ઠંડો થાય છે, જેના કારણે ગરમ હવામાં રહેલો ભેજ ઠંડી સપાટી પર ઘનીભૂત થઈને પાણીના ટીપાંમાં ફેરવાઈ જાય છે. સૌપ્રથમ હવા ચેમ્બરમાં પ્રવેશે છે, જ્યાં તેને ગરમ કરવામાં આવે છે અને પછી પંખા દ્વારા ઠંડી સપાટી તરફ ધકેલવામાં આવે છે. એકઠું થયેલું પાણી ગળણી દ્વારા ભેગું થાય છે અને વાલ્વની મદદથી છોડ સુધી પહોંચાડવામાં આવે છે. આ સિસ્ટમમાં જમીનનો ભેજ, તાપમાન અને હવામાં રહેલા ભેજને માપતા સેન્સર્સ પણ લગાડેલા છે. આ સેન્સર્સ આપમેળે હવાનો પ્રવાહ નિયંત્રિત કરે છે અને છોડને ખરેખર ક્યારે પાણીની જરૂર છે તે નક્કી કરે છે, જેથી પાણીનો બિનજરૂરી બગાડ અટકે છે. પરીક્ષણ દરમિયાન, આ પ્રોટોટાઇપે બે કલાકમાં ૧૦ મિલીલીટર પાણી બનાવ્યું હતું, જેની મહત્તમ કાર્યક્ષમતા ૧૩૫.૮ ગ્રામ પ્રતિ કિલોવોટ-કલાક હતી.

સ્પેનના મેનોર્કા ખાતે સ'અલગરમાં ફોમ પાર્ટી દરમિયાન ઉનાળાના પહેલા ગરમીના મોજાથી રાહત મેળવવા માટે સ્થાનિક લોકો તેમાં સહભાગી થયા હતા. સામાન્ય રીતે દરિયાકિનારે દિવસે વોટર ગેમ અથવા જળચર રેસ સાથે શરૂ થયા પછી થાંભલા પર મોટા પાયે ફોમ તોપ તૈનાત કરવામાં આવે છે.

# IPCની કલમ 498A લિવ-ઈનમાં રહેતા લોકોને પણ લાગુ પડે : સુપ્રીમ કોર્ટ

**લિવ** ઇન રેલિશીપમાં રહેતા યુગલોને પણ આ કલમની જોગવાઇ લાગુ પડે છે અને તેના હેઠળ મળતા રક્ષણો પણ તેમને મળવાપાત્ર છે

નવી દિલ્હી, તા. 3(PTI): આઈપીસી (IPC)ની કલમ 498Aનો વ્યાપ વધારતા, સોમવારે સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે આ જોગવાઈ – જે પતિ અથવા તેના સંબંધીઓ દ્વારા કરવામાં આવતી ક્રૂરતા સાથે સંબંધિત છે, તે જો લગ્ન કરવાનો ઈરાદો સાબિત થાય, તો લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા ભાગીદારોને પણ લાગુ પડશે.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે 'લિવ-ઈન રિલેશનશિપ' આજે વધતા-ઓછા અંશે એક વાસ્તવિકતા છે, મુખ્યત્વે શહેરી વિસ્તારોમાં, જ્યાં વસ્તીનો મોટો હિસ્સો રહે છે અને કાયદાએ આ પ્રકારના સંબંધો પસંદ કરનારાઓને સેવા આપવા માટે પોતાને અનુકૂળ બનાવવો જોઈએ.

જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ એન. કોટીશ્વર સિંહની ખંડપીઠે જણાવ્યું હતું કે જો સંબંધ "લગ્ન જેવા સ્વરૂપનો" હોય, તો લિવ-ઈન રિલેશનશિપમાં રહેલા પુરુષ સામે મહિલા પર ક્રૂરતા આચરવા બદલ કેસ ચલાવી શકાય છે. કલમ 498A મહિલાના પતિ અથવા તેના સંબંધીઓ દ્વારા તેની પર આચરવામાં આવતી ક્રૂરતાનો ઉલ્લેખ કરે છે. કલમ 498A 'લિવ-ઈન રિલેશનશિપ' ને લાગુ પડતી હોવાનું ઠેરવવામાં આવે છે, જે 'લગ્ન જેવા સ્વરૂપના સંબંધો' તરીકે લાયક ઠરે છે અને તેમાં લગ્ન કરવાનો ઈરાદો તેનો એક આંતરિક ભાગ તરીકે સ્થાપિત થયેલો હોય. એમ તેણે જણાવ્યું હતું. "વધુ સ્પષ્ટતા માટે જણાવવામાં આવે છે કે, કલમ 498A દ્વારા સંરક્ષિત 'લિવ-ઈન રિલેશનશિપ' એ બે સંમત પુખ્ત વ્યક્તિઓ વચ્ચેના સંબંધો છે. કાયદાનો આ પ્રસ્તાવ માત્ર IPC ની કલમ 498A પૂરતો જ મર્યાદિત રહેશે, અને આ વિસ્તૃત અર્થઘટન અન્ય કોઈ જોગવાઈને અસર કરશે નહીં," એમ બેન્ચે જણાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે ધરપકડ સામેના રક્ષણ અને અન્ય પરિબળોને સખત રીતે લાગુ કરવામાં આવશે. "લગ્ન જેવા સ્વરૂપના સંબંધમાં" રહેતી મહિલા સામે ક્રૂરતા આચરવાનો આરોપ ધરાવનાર લિવ-ઈન પાર્ટનર અથવા તેના સંબંધીમાંથી કોઈ પણ વ્યક્તિની પ્રાથમિક તપાસ વિના ધરપકડ કરવામાં આવશે નહીં. અદાલતે ટાંક્યું હતું કે જો કોઈ મહિલા લગ્ન પહેલાં પણ ઘરગથ્થુ વ્યવસ્થામાં રહેતી હોય, તો પરણિત મહિલાને આપવામાં આવતું રક્ષણ તેમને પણ મળવું જોઈએ.

# દરેક રોડ પર રાહદારીઓ માટે દબાણમુક્ત જગ્યા રાખવા સુપ્રીમનું સૂચન

**કોઇ** મોટા રોકાણ કે બાંધકામ વિના પણ કેન્દ્ર માત્ર એ સુનિશ્ચિત કરો કે જ્યાં રસ્તો હોય ત્યાં ચાલનારાઓ માટે પણ ખાસ જગ્યા હોય : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા. ૩(પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર સરકારને એ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો કે દરેક રોડ પર પાદચારીઓ માટે યોગ્ય રીતે સીમાંકિત હોય અને અતિક્રમણ મુક્ત જગ્યા હોય.

જસ્ટિસ પી એસ નરસિંહા અને અલોક અરાધેની બેન્ચે કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કે એમ નટરાજને સંબંધિત સત્તાધિકારીઓને સૂચના આપવા જણાવ્યું હતું કે ચાલવા માટે નિર્ધારિત જગ્યા પર કોઈ અતિક્રમણ ન થાય અને તેને વાહનોની લેનથી યોગ્ય રીતે અલગ કરવામાં આવે. બેન્ચે નટરાજને કહ્યું, કોઈ મોટા રોકાણ કે બાંધકામ વિના, માત્ર એ સુનિશ્ચિત કરો કે ચાલનારાઓની જગ્યાનું યોગ્ય સીમાંકન કરવામાં આવે. જ્યાં પણ રસ્તો હોય, ત્યાં ચાલનારાઓ માટે જગ્યા હોવી જોઈએ. દોરડા કે અન્ય કોઈ પણ માધ્યમથી આ કરો અને સુનિશ્ચિત કરો કે તેના પર અતિક્રમણ ન થાય.

ટોચની અદાલતે ASGને સત્તાધિકારીઓને સૂચના આપવા માટે બે સપ્તાહનો સમય આપ્યો હતો, સાથે જ એ વાત પર ભાર મૂક્યો હતો કે પદયાત્રીઓમાં એ વિશ્વાસ હોવો જોઈએ કે આ જગ્યા તેમના માટે છે અને તેઓ ચાલતા વાહનોના કોઈ પણ જોખમ વિના મુક્તપણે ચાલી શકે છે.

સુપ્રીમ કોર્ટે આ મામલાની વધુ સુનાવણી બે સપ્તાહ પછી મુલતવી રાખી હતી. ૧૯ જૂનના રોજ એક મહત્વપૂર્ણ ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે સીમાંકિત ફૂટપાથ પર ચાલવાનો અધિકાર એ મૂળભૂત અધિકાર છે. અદાલતે ઠરાવ્યું હતું કે સીમાંકિત રસ્તાઓ પર આ અધિકારને મોટર વાહનો કરતાં પ્રાથમિકતા મળશે અને તે અનુચ્છેદ ૧૯ (૧) (ડી) હેઠળ ગેરંટી આપવામાં આવેલા હરવા-ફરવાના અધિકાર અને અનુચ્છેદ ૨૧ (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર) સહિતના અન્ય મૂળભૂત અધિકારોનો એક ભાગ છે.

# ઝારખંડમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનને સીજેપીનું સમર્થન

**પરીક્ષામાં** ગેરરીતિઓના વિરોધમાં હવે વિદ્યાર્થીઓએ ભૂખ હડતાળ શરૂ કરી

રાંચી, તા. 3 (PTI): ઝારખંડમાં વિવિધ ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)એ પોતાનું સમર્થન આપ્યું છે, જ્યારે આ મુદ્દે એક આંદોલનકારીએ અચોક્કસ મુદતની ભૂખ હડતાળ શરૂ કરી દીધી છે.

સીજેપીના સ્થાપક અભિજિત દીપકે જણાવ્યું હતું કે, તેમણે રવિવારે રાત્રે વીડિયો કોલ દ્વારા વિદ્યાર્થી નેતાઓ સાથે વાત કરી હતી.

દીપકે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, "જેપીએસસી અને જેએસએસસી ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિઓ અંગે ઝારખંડમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે વાત કરી. સીજેપી ઝારખંડના તમામ વિદ્યાર્થીઓ સાથે ઊભી છે અને તેમની માંગણીઓને સમર્થન આપે છે."

વિદ્યાર્થી નેતા દેવેન્દ્ર નાથ મહતોએ રવિવારે રાત્રે લગભગ 10 વાગ્યે અહીંના જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમ ખાતે વિરોધ સ્થળ પર ભૂખ હડતાળ શરૂ કરી હતી, જેમાં 14મી જેપીએસસી પરીક્ષા, જેએસએસસી-સીજીએલ અને અન્ય ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓની સીબીઆઈ અને ઈડી દ્વારા યોગ્ય તપાસની માંગ કરવામાં આવી હતી.